786/92/110

# ઇમામ જઅફર સાદિક અ.સ. ની 40 મુબારક હદીસો

1

તમામ લોકોથી હિફાજત માટે ' બિસ્મીલ્લાહીર રહમાની રહીમ ' અને સુરએ ' કુલ્હુવલ્લાહુ અહદ' જમણી તરફ , ડાભી તરફ , આગળ પાછળ, અને ઉપર નીચે પડે, (કાફી ભા. 2 પે. 624 )

2

3 વસ્તું દરેક જમાના માટે સારી છે,

(1) ખુદાની ખુશી માટે કોઇ ને ભાઇ બનાવવો ,

(2) નેક પત્નિ જે ખુદા માટે મોહબ્બત કરે,

(3) નેક ઓલાદ,

જેને આ 3 વસ્તું નસીબ થઇ તેને દુનિયા અને આખેરતની ખુબીઓ નસીબ થઇ,

( રેહનુમાએ ઇમામ સાદીક અ.સ. )

3

મુસલમાનનું મુસલમાન ભાઇ ની હાજત ને પુરી કરવા માટે જાવું 70 ખાનએ કબાના તવાફ થી બહેતર છે, ( વસાએલુશ્શિઆ ભા.2 પે. 524 )

4

મોમીનના મરવા પછી 6 વસ્તું કામ આવે છે,

(1) નેક ઓલાદ જે ઇસ્તેગ્ફાર કરે,

(2) હિદાયતની કિતાબ જેને લોકો વાચે,

(3) લોકોના માટે પાણીનો કુંવો બનાવવો,

(4) જાડ ને ઉગાવવું જેના થી લોકો ફાયદો મેળવે,

(5) પાણી ની લોકો માટે સગવડ કરવી,

(6) સારા રિવાજ લોકોમાં જારી કરવા જેને લોકો અંજામ આપતા રહે,

(ખેસાલ પે. 323)

5

શબે કદર માહે રમઝાનનું  દીલ છે,          ( બીહારુલ અનવાર ભા. 58 પે. 376 )

6

જેના પાસે શરમ નથી તેના પાસે ઇમાન નથી, ( વસાએલુશ્શિઆ ભા.2 પે. 223 )

7

જ્યારે ઝીના વધી જશે તો ધરતીકંપ અને અચાનક મોત મા વધારો થશે,

જ્યારે લોકો ઝકાત અને ખુમ્સ નહિ આપે તો જાનવરો નાબુદ થશે,

જ્યારે હાકીમો અને ઇંસાફ કરનારા ઝુલ્મ અને ના ઇંસાફી કરશે તો ખુદા વરસાદ ને બંધ કરી દેશે ,                              ( વસાએલુશ્શિઆ ભા.8  પે. 13 )

8

જેના સાથે ખુદા ભલાઇ ચાહે છે તેના દીલમાં ઇમામ હુસેન અ.સ.ની મોહબ્બત નાખે  છે, અને તેમની ઝીયારત નસીબ કરે છે, અને જેને ખુદા ના પસંદ કરે છે તેના દીલમા ઇમામ હુસેન અ.સ. ની દુશ્મની હોય છે, અને તેમની ઝીયારતની દુશ્મની હોય છે,                         ( બીહારુલ અનવાર ભા. 98 પે. 76 )

9

મોમીન ની બુલંદી 3 વસ્તુંમાં છે

(1) દીનના મસાએલને સીખવા,

(2) મુસીબતો ઉપર સબ્ર કરવું ,

(3) ઝીંદગીને હિસાબ કિતાબ અને પ્રોગ્રામ સાથે જીવવી,

( અમાલી તુસી ભા. 2 પે. 279)

10

જે માણસની ઇમામે ઝમાના અજ. નો ઇંતેઝાર કરતા કરતા મોત આવી જાય, તે એવા માણસની જેમ છે જે ઇમામ અ.સ. ના સાથે તેમના ખૈમાં હોય, બલકે તેના જેમ છે જે રસુલે ખુદા સ.અ.વ. ની સાથે રહીને દુશ્મનો સામે જેહાદ કરી રહ્યો હોય,

(મીઝાનુલ  હીકમત  ગુજરાતી ભા. 1 પે. 187 )

11

ખુદા ફરમાવે છે કે લોકો મારુ કુટુંબ છે મને સવ થી વધારે તે પસંદ છે જે લોકોથી વધારે મોહબ્બત કરે, અને તેમની જરુરતોને પુરી કરતો હોય ,

(કાફી ભા. 2 પે. 199 )

12

ખુદા કોઇ માણસનિ રોજી અને આવક બંધ નતી કરતો જ્યાર સુધી તેનાથી વધારે સારો રસ્તો ખોલવાનો ના હોય , ( વસાએલુશ્શિઆ ભા.12 પે. 33 )

13

જે બીજા ઉપર ઝુલ્મ કરે છે તો ( એક દિવસ )તેના ઉપર પણ ઝુલ્મ કરવામાં આવશે, તે પોતે ઝુલ્મમા ફસાસે યા તેના માલ કે ઓલાદ ઉપર ઝુલ્મ કરવામાં આવશે, ( ઉસુલે કાફી ભા. 4 પે. 26)

14

મારો સારામા સારો ભાઇ તે છે કે જે મારી ભુલોને બતાવે,

(તોહફુલ ઓકુલ પે .385 )

15

જે માણસ મારેફત સાથે ઇમામ હુસેન અ.સ. ની ક્બ્ર ની જીયારત કરે, જાણે એમ છે કે તે હ.રસુલે ખુદા સ.અ.વ. સાથે 100 હજ અદા કર્યા હોય,

(કામીલુઝ્ઝીયારાત પે. 163 )

16

શબે જુમ્મા ( ગુરુવારના રાત્રે ) મોહંમદ અને આલે મોહંમદ અ.સ. ઉપર સલવાત પડવી 1000 નેકીયો બરાબર છે, ખુદા 1000 બુરાઇઓ (ગુનાહો) ખતમ કરે, 1000 દરજ્જા બુલંદ કરે છે, (મફાતિહુલ જીનાન તરજુમો આગા જવાદી પે. 54 )

17

દરિયા નો કોઇ પાડોશી નથી હોતો, રાજાનો કોઈ દોસ્ત નથી હોતો, તંદુરસ્તીની કોઇ કિંમત નથી, કેટલી એવી નેઅમતો છે જેને ઇંસાન નથી જાણતો,

(બીહારુલ અનવાર ભા. 100 પે. 99)

18

જે કોઇ હાથમા ફીરોઝાની વીંટી પહેરશે તે ફકીર અને ગરીબ થશે નહી ,

( વસાએલુશ્શિઆ ભા.5 પે. 94 )

19

સારા અખલાક રોઝીમાં વધારો કરે છે,

(મિશ્કાતીલ અનવાર ફી ગરરીલ અહકામ બાબ 5)

20

જે ઘર માં ગાયન ગાવામાં આવતા હોય તે ઘર અચાનક મૌત થી અને મુસીબતોથી બચતું નથી, અને ન દુવા કબુલ થાય છે, કે ન તો તે ઘરમા (રહેમતના) ફરિશ્તા દાખલ થાય છે,

( વસાએલુશ્શિઆ ભા.12 પે. 225 )

21

જે માણસ તેના પાડોશીને તકલીફ આપે તે લાઅનતી લાઅનતી છે,

(બીહારુલ અનવાર ભા. 71 પે. 152)

22

અગર કોઇ ચાહે કે તેની જગ્યા જન્નતમાં હોય તો તેને ઝીયારતે ઇમામ હુસૈન અ.સ. તરક ન કરવી જોઇએ, (મુસ્તદ્રકુલ વસાએલ ભા.10 પે. 253 )

23

જન્નત માં એક એવો દરજ્જો છે જે શરીરની બલા અને મુસીબતો વગર નથી મળી શકતો, (કાફી ભા. 2 પે. 255 )

24

જે માણસ પાણી પીવે અને ઇમામ હુસૈન અ.સ. ને યાદ કરે, અને તેમના કાતીલ ઉપર લાઅનત મોકલે તો ખુદા તેના બદલામાં 100000 નેકીઓ લખે છે, 100000 બુરાઇઓ (ગુનાહો) ખતમ કરે છે, 100000 દરજ્જા બુલંદ કરે છે, અને કયામતમાં તેને નુરાની ચહેરા સાથે ઉભો કરશે, (અલ મનાકીબ ભા.2 પે. 207)

25

અગર કોઇ જાણવા ચાહે કે તેની નમાઝ કબુલ થઇ છે કે નહિ, તો તે પોતાના અંદર નઝર કરે કે નમાઝ તેને બુરાઇઓ થી દુર કરેલ છે કે નહિ, જેટલો બુરાઇથી દુર રહ્યો તેટલી નમાઝ કબુલ થઇ છે, ( અલમીઝાન ભા.16 પે. 138)

26

ઝીયારતે ઇમામ હુસૈન અ.સ. માં વીતાવેલા દિવસો ઝીયારત કરનારની ઉંમરમાં ગણાતા નથી, (કામીલુઝ્ઝીયારાત બાબ 51)

27

કોઇ મોમીન ની હાજત ને પુરી કરવી ખુદાનું ઘર ખાનએ કાબાના 10 તવાફ કરવા બરાબર છે, ( કાફી ભા.2 પે. 194 )

28

તમારા મા-બાપ સાથે નેકી કરો જેથી તમારી અવલાદ તમારી સાથે નેકી કરે, બીજાની સ્ત્રીઓ થી બચો જેથી તમારી સ્ત્રી થી બીજા બચતા રહે,

(કાફી ભા.5 પે. 554)

29

નેકી અને સારા અખલાક ઘરને આબાદ કરે છે અને ઉંમરમાં વધારો કરે છે,

( કાફી ભા.2 બાબ હુસ્ને ખુલ્ક )

30

તમે દુવા ઝરુરથી માંગો કેમ કે દુવા દરેક બિમારી માટે શફા છે,

(મકારેમુલ અખલાક 2/12 )

31

જે કોઇ જમવા પહેલા નમકથી શરુવાત કરે તો તેનાથી 70 બીમારીઓ દુર થાય છે જેને ખુદા સિવાય બીજુ કોઇ નથી જાણતું, (સફીનતુલ બીહાર 4/392)

32

આળસ કામ કાજ નો સવ થી મોટો દુશ્મન છે, (કાફી ભા.5 પે.85)

33

અક્કલ તેને કહેવાય કે જેનાથી ખુદાની ઇબાદત કરવામાં આવે અને જન્નત હાસીલ કરવામાં આવે, ( ઉસુલે કાફી ભા.1 બાબ અકલો જહેલ )

34

જે કોઇ કુરાને મજીદની તિલાવત કરે અને તે જવાન ઇમાનદાર હોય તો તેના ગોશ્ત અને ખુનમાં કુરઆન ભળી જાય છે, અને તેના પુરા શરીર ઉપર કુરઆનનો અસર થાય છે, (તેનો અમલ કુરાન મુતાબીક થઇ જાય છે,

( વસાએલુશ્શીઆ ભા.2 પે.140 )

35

ઇંસાફ મદ થી વધારે મીઠો હોય છે, માખણથી વધારે નરમ, કસ્તુરીની ખુશ્બુ થી વધારે ખુશ્બુદાર હોય છે, ( વઝાએફે અખલાકી અઝ ઉસુલે કાફી નં. 388 )

36

જે માણસ 3 દિવસમાં એક વખત સુરએ હજ ની તિલાવત કરશે તો તેને તે વરસે ઉમ્મીદ છે કે ખુદા હજ નસીબ કરે, અને જો મોત આવી જાય તો જન્નતીઓમાંથી હશે, (હદીસે હજ્જ આગા કરાઅતી)

37

જે માણસ 3 દિવસમાં એક વખત સુરએ હજ ની તિલાવત કરશે તો તેને તે વરસે ઉમ્મીદ છે કે ખુદા હજ નસીબ કરે, અને જો મોત આવી જાય તો જન્નતીઓમાંથી હશે, (હદીસે હજ્જ આગા કરાઅતી)

38

જે કોઇ પોતાના મોમીન ભાઈ માટે દુવા કરે તો અલ્લાહ તે દુવા કરનારની રોઝીમાં વધારો કરે છે, (અમાલી શેખ સદુક અ.ર. પે. 427 ઉર્દુ)

39

દારુડિયા સાથે ન બેસો કેમ કે જ્યારે ખુદા તરફથી અઝાબ આવે છે તો દારુની મહેફીલ માં હાજર તમામ લોકો ઉપર આવે છે, (વસાએલુશ્શિયા બાબ નં. 33)

40

ખુદાએ ફરમાવ્યું કે જે કોઇ મારા મોમીન બંદા ને તકલીફ આપે તો તે મારા વિરુધ જંગ નું એલાન કર્યું છે, (તફસીરે નમુના ઉર્દુ ભાગ 9 પે. 727 )

આ ચાલીસ હદીસો જગતમાં ઇલ્મના દીવાને પ્રકાશીત કરીને જેહાલતના અંધકારને દુર કરનાર નબી સ.અ.વ. ના ફરઝંદ અને સાચા રહેબર હઝરત ઇમામ જાફરે સાદિક અ.સ. ને હદિયો પેશ કરવાનો શરફ હાસીલ કરું છું,

ખુદા કબુલ કરે આમીન

લાભ લેનાર પાસે તમામ મરહુમીન માટે એક સુરે ફાતેહાની ઇલ્તેમાસ છે,

Palsani_110@yahoo.fr

શવ્વાલ 1432